# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૦૭/૦૩/૨૦૨૨ થી તા.૧૩/૦૩/૨૦૨૨ સુધી)

(૧)

તા.૦૭/૦૩/૨૦૨૨ કલાક- ૦૮/૩૦ થી ક-૦૯/૩૦ વાગે મોજે ડીસા પાટણ હાઇવે એસ.વી.પ્લાઝા સામે તા.ડીસા આ કામના આરોપીઓ (૧) અર્જુનરામ મેવારામ જાતે- ખટાણા (રબારી) રહે. ગોલાસણ તા-સાંચોર જી.ઝાલોર (રાજસ્થાન) વાળો તથા (૨) માલારામ સુજાનરામજી આલ (રબારી) રહે.પહાડપુરા તા-સાંચોર જી.ઝાલોર (રાજસ્થાન)વાળાઓએ પોતાના કબ્જાની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ગાડી જેના નંબર જોતાં GJ.12.BR.2234 માં ગે.કા અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂની તથા બિયર ટીન બોટલો મળી કુલ બોટલો/ટીન નંગ-૭૧૫ કિ.રૂા.૧,૫૧,૨૪૫/- નો રાખી હેરાફેરી કરી ગાડીની કિ.રૂા.૨,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૨ કિ.રૂા.૧૦,૫૦૦/- મળી કુલ કિ. રૂા.૩,૬૧,૭૪૫/- ના સાથે બંન્ને આરોપીઓ પકડાઈ જઈ તેમજ રફીકખાન ઉર્ફે રફિક સાંચોર રહે.હડેતર તા.સાંચોરવાળો જેનો મો.નં. ૯૬૩૬૨૨૨૨૪૮, ૬૩૫૬૬૦૦૯૮૧ તથા મોહનભાઇ રબારી રહે સાંચોર મો.નં.૯૬૧૦૯૩૧૭૪૨ વાળાઓએ પકડાયેલ ગેરકાયદેસર દારુ/બિયરનો મુદ્દામાલ ભરાવી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોઇ ડીસા સીટી દક્ષિણ પો.સ્ટે પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૪૨૨૦૧૪૯/૨૦૨૨ ધી પ્રોહી એક્ટ કલમ કલમ ૬૫(એ)(ઈ),૧૧૬(૨),૯૮(૨) ૮૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૦૭/૦૩/૨૦૨૨ ના કલાક.૧૯/૦૦ વાગે મોજે લુદરા ગામે આ કામના તહોદાર- મુકેશજી તેજાજી ઠાકોર રહે.લુદરા તા.દિયોદર વાળાએ પોતાના કબજા ભોગવટાના ખેતરમાં ઉભા રાયડાના પાકની આડમાં બિયર ટીન બોટલો નંગ.૬૧ તથા વાઇસલેસ વોડકા બોટલો નંગ.૧૮૯ તથા ઓફીસર ચોઇસ બોટલો નંગ.૦૨ મળી કુલ બોટલો નંગ.૨૫૨ જેની કુલ કિમત રૂ.૨૫,૨૦૦/- ગે. .કા. વગર પાસ પરમીટનો રાખી પોલીસ રેઇડ દરમ્યાન હાજર ન મળી આવી ગુનો કરેલ હોઇ દિયોદર પો.સ્ટે.પાર્ટ સી.૧૧૧૯૫૦૧૭૨૨૦૨૪૮/૨૦૨૨ પ્રોહી. કલમ. ૬૫ એઇ,૧૧૬(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા. ૦૭/૦૩/૨૦૨૨ ના ક.૧૭/૪૦ વાગ્યા મોજે મલુપુર ગામે સીમ આ કામના આરોપી તો મજકુર નરસિહભાઇ ઉર્ફે છોટુ સવાભાઇ રબારી હાલ રહે-મલુપુર તા-થરાદ મુળ રહે-બુકણા તા-વાવ વાળાએ લાખાભાઇ નાગજીભાઇ રબારી રહે મલુપુરવાળાની જાણ બહાર તેમના મકાનની લગોલગ આવેલ ઓરડીમા ગે.કા વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલ નં-૬૭૪ કુલ કિમત રૂ-૮૯૪૦૦/- નો રાખી હાજર ન મળી આવી ગુનો કરેલ હોઇ થરાદ પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૫૦૨૨૦૨૪૪ પ્રોહિ ક. ૬૫(એ)(ઇ) ૧૧૬(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૦૮/૦૩/૨૦૨૨ ક.૧૯/૪૫ વાગે મોજે રામપુરા ગામ થઇ ભટામલ તરફ આશરે અડધો કીલોમીટર આગળ ટનીંગમાં આ કામના તહોમતદાર મહીન્દ્રા વેરીટો ગાડીનો ચાલક જેનુ નામ-સરનામુ જાણવા મળેલ નથી તે તેના કબ્જાની ગાડીમાં ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલ નંગ-૭૨ કિ.રૂ.૩૮,૪૦૦/- નો ભરી તથા બે નંબર પ્લેટ કિ.રૂ.૦૦/૦૦ તથા ગાડી સાથે કુલ મુદ્દામાલ કિ.રૂ.૨,૩૮,૪૦૦/- ની હેરાફેરી કરી પોલીસ નાકાબંધી દરમ્યાન ગાડી મુકી જઇ ગુનો કરેલ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૨૦૦૮૯/૨૦૨૨ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૧૦/૦૩/૨૦૨૨ ના ક.૧૩/૧૫ વાગે મોજે થરાદ ટાઉનમાં સુંધલ હોટલની પાછળ આ કામના આરોપીઓ સુરેશભાઈ વકતાભાઈ રબારી તથા શિવરામભાઈ હરસેંગભાઈ પટેલ બંન્ને રહે.મલુપુર તા.થરાદવાળાઓએ એકબીજાના મેળાપીપણાથી સુંધલ હોટલની પાછળ આવેલ વપરાશ સારૂ રાખેલ અવાવરૂં મકાનમાં ગે.કા. અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ તથા કાચની બોટલ તેમજ બિયરની કાચની બોટલો/ટીન મળી કુલ બોટલો નંગ–૬૮૬ કિ.રૂા.૭૬,૯૨૦/- નો રાખી હાજર ન મળી આવી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ થરાદ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૨૦૨૫૫ પ્રોહી ક.૬૫(એ)(ઈ),૧૧૬(બી) ૮૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૧૦/૦૩/૨૦૨૨ ક. ૧૬/૦૦ વાગે મોજે ચંડીસર ગામે HPCL ની સામે પાર્કીંગમા આ કામના તહોદારો ભેગા મળી જાહેરમાં ગંજીપાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડી કુલ રોકડ રૂપિયા ૧૪૧૩૦/- તથા ગંજીપાના નંગ-૪૬ કિં.રૂ ૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૮ કિ..રૂ ૩૦,૦૦૦/- મળી કુલ રૂ.૪૪,૧૩૦/- ના મુદામાલ સાથે રાજેશભાઇ ખેતાભાઇ જાતે. સામઢિયા રહે.ગઢ અંબીકાચોક તા.પાલનપુર જી બનાસકાંઠા તથા મહમદસોહીલ હીમંતખાન જાતે મલેક મુળ રહે.રામજીમંદીર શેરી દીયોદર તા.દીયોદર જી બનાસકાંઠા હાલ રહે દેથળી તા સિધ્ધપુર જી પાટણ તથા કિશોરકુમાર મોહનભાઇ જાતે ચૌહાણ રહે.ચંડીસર તા.પાલનપુર જી બનાસકાંઠા તથા ગોવિંદભાઇ રામાભાઇ જાતે

ભાટીયા રહે.કુંભલમેર તા.પાલનપુર જી બનાસકાંઠા તથા પ્રવિણસિંહ લક્ષ્મણસિંહ જાતે હડીયોલ રહે.મોટા તા.પાલનપુર જી બનાસકાંઠા તથા સોયબભાઇ ગફુરભાઇ જાતે સુમરા રહે.સિધ્ધપુર ઉમરૂ ચોકડી તા.સિધ્ધપુર જી પાટણ તથા જુલ્ફીકાર ઇબ્રાહીમભાઇ જાતે સુમરા રહે. સિધ્ધપુર લક્ષ્મીપુરા કાકોશી ચારરસ્તા તા.સિધ્ધપુર જી પાટણ તથા બળદેવભાઇ કપુરજી જાતે સોડાલા (ઠાકોર) રહે. કિડોતર તા.અમીરગઢ જી બનાસકાંઠા તથા નરેશભાઇ મગનભાઇ જાતે ચૌહાણ રહે.ચંડીસર તા.પાલનપુર જી.બનાસકાંઠા વાળા પકડાઇ જઇ તેમજ નરેશભાઇ રાજાભાઇ શેખલીયા તથા વિજયભાઇ વેલાભાઇ શેખલીયા બંને રહે મોટા તા પાલનપુર વાળાઓ નાશી જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ગઢ પો.સ્ટે.પાર્ટ બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૨૪૨૨૦૧૧૭/૨૦૨૨ જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૭)

તા.૧૧/૦૩/૨૦૨૨ ના કલાકઃ ૦૪/૩૦ થી કલાક ૧૦/૩૦ દરમ્યાન મોજે પાલનપુર-આબુરોડ આશીર્વાદ હોટલથી આશરે ૧૦૦ મીટર દુર ચીત્રાસણી ગામની હદ વિસ્તારમાં જાહેર રોડ ઉપર આ કામના તહોદાર ધર્મેન્દ્રભારતી ઉર્ફે ચીકુ રતનભારતી ગોસ્વામી તથા સુરેન્દ્રસીંગ ઉમેદસીંગ રાઠોડ નાઓ એક સફેદ કલરની સ્વીટ ગાડી નં. GJ-01-RM-1467 માં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર ભારતીય બનાવટની વિદેશી દારૂ/બીયરની બોટલો નંગ-૬૦૫ કિ.રૂ. ૧,૧૨,૭૦૦/-, અંગજડતીના રોકડ નાણાં રૂ. ૮,૯૫૦/-, મોબાઈલ ફોન-૦૩ કી.રૂ. ૧૦,૫૦૦/-, સ્વીફ્ટ ગાડી GJ-01-RM-1467 કિ.રૂ. ૨,૫૦,૦૦૦/- તથા આર.ટી.ઓ નંબર પ્લેટ GJ-20-A-6926 ની– ૦૨ કિ.રૂ.૦૦/૦૦ જે તમામ મળી કુલ્લે રૂ. ૩,૮૨,૧૫૦/- ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન સ્થળ ઉપર હાજર મળી આવી તેમજ રેઇડ દરમ્યાન હાજર નહિ મળી આવેલ દારૂનો જથ્થો ભરી આપનાર અશોક પ્રજાપતી (મારવાડી) તથા ગણેશ રહે. આબુરોડ તથા દારૂનો જથ્થો ભરેલ ગાડી આપનાર રાજુકુમાર રહે. સાંચોરનાએ સ્વીફ્ટ ગાડીનો સાચો નંબર GJ-20-A-6926 નો હોવાનુ જાણવા છતા ખોટો નંબર GJ-01-RM-1467 નો લગાવી સાચા નંબર તરીકે ઉપયોગ કરી તથા રમેશકુમાર નારાયણલાલજી ભાટી સાથે સંપર્કમાં રહી તથા દારૂનો જથ્થો મંગાવી દિલીપ ઠાકોર રહે. ગામ- મોટપ, પાટણ નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ ભેગા મળી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂ/બીયરના જથ્થાની હેરાફરી કરી એકબીજાએ ગુનો કરવામાં મદદગારી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૩૫૨૨૦૧૮૬/૨૦૨૨ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬૫(એ)(ઈ), ૮૧,૯૮(૨), ૧૧૬(બી) તથા ઈ.પી.કો. કલમ ૪૬૫,૪૬૮,૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૮)

તા.૧૨/૦૩/૨૦૨૨ ના.ક. ૪/૪૦ વાગે મોજે દુદોસણ ગામ નજીક, ગૌચર તળાવડી પાસે ગૌચરમાં આ કામના આરોપી લાલાભાઇ પીરાભાઇ ચાવડા(રજપુત),રહે.દુદોષણ,તા-સુઇગામ નાએ ગે.કા. અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના પરપ્રાંતીય દારૂ અને બીયરની બોટલો ભરેલ પુઠાની પેટીઓ નંગ-કુલ ૧૫, જેમાં કુલ બોટલ નંગ- ૫૪૦, જેની કુલ કિ.રૂ. ૫૬,૧૦૦/-નો વેચાણ કરવા સારૂ લાવી સગેવગે કરતાં પોલીસ જોઇ નાશી જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ સુઈગામ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૪૫૨૨૦૦૯૮ ધી પ્રોહી ધારા ક. ૬૫ઈ,૧૧૬(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૯)

તા.૧૨/૦૩/૨૦૨૨ ના કલાક.૨૩/૦૦ વાગ્યા મોજે પાલનપુર ઇદગાહ રોડ પ્રતીક ગેસની પાસે આ કામના તહોદાર કિરણભાઇ અમરતજી ઠાકોર રહે.પાલનપુર ઇદગાહ રોડ ચામુડાવાસ તા.પાલનપુર વાળાએ ગે.કા.અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂની કુલ બોટલો નંગ-૪૩૯ કિ.રૂ.૧,૬૯,૧૪૦/-નો મુદ્દામાલ વરસાદી ટાટપતરી કિ.રૂ.૦૦/૦૦ ની નીચે રાખી પોલીસ રેઇડ દરમ્યાન નાશી જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પા.શહેર પુર્વ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૪૨૨૦૧૭૨/૨૦૨૨ પ્રોહી કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.